# ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ત્રણમાં જિલ્લાનું ૯૬.૨૦ ટકા પરિણામ

## એ-૧ ગ્રેડમાં ૨૮ વિદ્યાર્થીઓ, જુના અભ્યાસક્રમની પરીક્ષામાં ૫૩.૨૦ ટકા પરિણામ જાહેર થયું

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા ઓક્ટોબર-૨૦૧૨માં લેવાએલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની તૃતીય સેમેસ્ટરની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. જિલ્લામાં નોંધાયેલા ૫૪૧૮ પૈકી ૫૪૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જેમાં જિલ્લાના ૨૯ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડમાં સમાવેશ થાય છે. જ્યારે ગાંધીનગર કેન્દ્રમાંથી પણ ૪૩૧૯ વિદ્યાર્થીઓએ તૃતિય સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. આ પૈકી ૨૮ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ હાંસલ કર્યો છે. જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર ત્રણનું ૯૬.૨૦ ટકા પરિણામ આવ્યું છે.


ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા ગત ઓક્ટોબર મહિનામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના તૃતિય સેમેસ્ટરની પરીક્ષા લેવાઈ હતી. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે આ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાંથી પણ નોંધાયેલા ૫૪૧૮ પૈકી ૫૪૧૭ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જ્યારે એક વિદ્યાર્થી ગેરહાજર રહ્યો હતો. વિવિધ ગૃપ અને ગ્રેડ વાઈઝ જાહેર થયેલા પરિણામ અન્વયે જિલ્લામાં ૨૯ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે. જ્યારે ૩૯૮ વિદ્યાર્થીઓને એ-૨ ગૃપમાં સ્થાન મળ્યું છે. આ ઉપરાંત ૧૦૬૮ વિદ્યાર્થીઓ બી-૧ ગ્રેડ અને ૧૪૫૯ વિદ્યાર્થીઓ, બી-૨ ગૃપમાં પાસ થયા છે. આ ઉપરાંત સી-૧ ગ્રેડમાં ૧૦૪૭, સી-૨માં ૮૧૦, બ્રી-ગ્રેડમાં ૧૮૨ અને ઈ-૧માં ૨૨ તેમજ ઈ-૨ ગ્રેડમાં પણ ૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે તૃતિય સેમેસ્ટરના કેન્દ્રવાર ગ્રેડવાઈઝ પરિણામની માહિતીમાં નજર નાખીએ તો ગાંધીનગર કેન્દ્રમાં પરીક્ષામાં બેઠેલા ૪૩૧૯ વિદ્યાર્થી પૈકી ૨૮ એ-૧ ગ્રેડમાં ૩૬૧ એ-૨ ગ્રેડમાં ૯૦૭ બી-૨ ગ્રેડમાં ૧૧૩૭ બી-૨માં તેમજ ૧૧૧૦ વિદ્યાર્થીઓ સી-૧ ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. જ્યારે કલોલ કેન્દ્રમાં ૨૩૯ વિદ્યાર્થીઓ પૈકી એ-૧ ગ્રેડમાં એક પણ વિદ્યાર્થીનો સમાવેશ થતો નથી. જ્યારે એ-૨ ગ્રેડમાં માત્ર-૧ વિદ્યાર્થી અને બી-૧ ગ્રેડમાં ૧૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. બી-૨ ગ્રેડમાં ૭૬ અને સી-૧માં ૮૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. માણસા કેન્દ્રમાં પણ ૧૩૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ પૈકી એ-૧, એ-૨ અને બી-૧ કેટેગરીમાં એક પણ વિદ્યાર્થીને સ્થાન મળ્યું નથી. જ્યારે બી-૨માં ૧૨ અને સી-૧માં ૫૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ

● અનુસંધાન પાન-૭ પર

### એ-૧ ગ્રેડ મેળવનાર ગાંધીનગરના તેજસ્વી તારલાઓ

| | | |
|---|---|---|
| (૧) | પટેલ ધ્વનીલ | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૨) | લાખિયા પ્રહિર | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૩) | પ્રેમચંદાણી અંજલી | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૪) | ઈલયાણી અજય | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૫) | મહેરચંદાણી ટીના | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૬) | શિવલાણી સની | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૭) | ચાવડા મેહુલ | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૮) | શાહ પ્રમિત | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૯) | શાહદાદપુરી કિરણ | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૧૦) | સાહદાદપુરી અંકિતા | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૧૧) | હરવાણી હિતેશ | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ |
| (૧૨) | હેરમા કૌશલ | સ્કૂલ ઓફ એચિવર |
| (૧૩) | દેસાઈ વિવેક | સ્કૂલ ઓફ એચિવર |
| (૧૪) | પટેલ ધારા | સ્કૂલ ઓફ એચિવર |
| (૧૫) | ઠક્કર નીમા | સ્કૂલ ઓફ એચિવર |
| (૧૬) | ગોહેલ સાર્થક | સ્કૂલ ઓફ એચિવર |
| (૧૭) | જાની શરદ | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ |
| (૧૮) | પટેલ સ્નેહ | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ |
| (૧૯) | પટેલ હર્ષિત | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ |
| (૨૦) | ચૌધરી નિલમ | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ |
| (૨૧) | પટેલ વિસ્મય | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ |


## બેસણું



અમારા માતૃશ્રી **કલવંતીબેન દુર્લભજી મોઢા** તા. ૬-૧૨-૨૦૧૨ના રોજ અવસાન પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૩-૧૨-૧૨ને ગુરૂવારના રોજ બપોરના ૪-૦૦ થી ૬-૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.


**સ્થળ :-**
**શશિકાંત મોઢા**
**પ્લોટ નં. ૨૪૮/૧**
**સેક્ટર-૪/એ,**
**ગાંધીનગર**

**લિ.**
**રમેશચંદ્ર દુર્લભજી મોઢા**
**શશિકાન્ત દુર્લભજી મોઢા**
**સુરેષચંદ્ર દુર્લભજી મોઢા**
**કિશોરચંદ્ર દુર્લભજી મોઢા**












Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com